بسم اللہ الرحمن الرحیم نحمدہ و نصلی علی رسولہ الکریم و علی عبدہ المسیح الموعود
لا الٰہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصار اللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com
نمبر/Ref ________ تاریخ/Date ________

# તવક્કુલ અલલ્લાહના સંદર્ભે
# હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામનું પાકીઝા ઉદાહરણ

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ أَمَّا بَعْدُ فَأَعُوذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِينَ۔ الرَّحْمٰنِ الرَّحِيمِ۔ مٰلِكِ يَوْمِ الدِّينِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِينُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيمَ۔
صِرَاطَ الَّذِينَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوبِ عَلَيْهِمْ وَلَا الضَّالِّينَ۔

***સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.***
***તા. 01 ઓક્ટોબર 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝૂર અનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝે ફરમાવ્યું: હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામના તવક્કુલના પ્રસંગોનું વર્ણન કરતાં હઝરત મિર્ઝા બશીર અહમદ સાહેબ લખે છે કે ડૉક્ટર મીર મુહમ્મદ ઇસ્માઈલ સાહેબે જણાવ્યું કે સારવાર કરવામાં હુઝૂર (અ)ની રીત એવી હતી કે તેઓ ક્યારેય માત્ર એક જ પ્રકારની સારવાર કરતા નહોતા. એક જ બીમારીમાં અંગ્રેજી દવાઓ પણ આપતા અને યુનાની દવાઓ પણ આપતા. કોઈ વ્યક્તિ કોઈ ઉપયોગી વાત જણાવે તો તેના પર પણ અમલ કરતા. જો કોઈને સ્વપ્નમાં કોઈ માર્ગદર્શન મળ્યું હોય, તો ક્યારેક તેના પર પણ અમલ કરતા. તેની સાથે દુઆ પણ કરતા અને એક જ સમયે ડૉક્ટરો તથા હકીમોની સલાહ પણ લેતા. તબીબી પુસ્તકો જોઈને પણ સારવારમાં મદદ મેળવતા. ટૂંકમાં, તેઓ સારવારનાં વિવિધ ઉપાયોનો સમન્વય કરતા હતા, પરંતુ તેમનો મૂળભૂત ભરોસો અલ્લાહ તઆલા પર જ હતો.

પયગંબરો અને સામાન્ય માણસની બેચેની વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતાં હુઝૂર (અ) ફરમાવે છે કે માણસને માનવસ્વભાવની માંગને કારણે બેચેની થાય છે. પરંતુ આ માનવસ્વભાવનો એક ભાગ છે અને બધા પયગંબરો પણ આ બાબતમાં સહભાગી હોય છે. જેમ કે જંગે બદ્રના પ્રસંગે હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને પણ બેચેની થઈ હતી. સામાન્ય લોકો અને પયગંબરો વચ્ચેનો તફાવત એ છે કે સામાન્ય માણસની જેમ પયગંબરોને પણ બેચેની થાય છે, પરંતુ તેમની બેચેનીમાં ક્યારેય નિરાશા હોતી નથી. તેમને આ વાતનો પૂરો વિશ્વાસ હોય છે કે અલ્લાહ તેમને ક્યારેય નિષ્ફળ કે બરબાદ થવા દેશે નહીં. ફરમાવ્યું:

'મારી પોતાની સ્થિતિ તો એવી છે કે જો મને સળગતી આગમાં પણ નાખવામાં આવે, તો પણ મારા મનમાં આ જ વિચાર રહે છે કે હું ક્યારેય બરબાદ નહીં થાઉં. બેચેની તો થશે કે આ આગ છે અને તેનાથી માણસ બળી જાય છે. પરંતુ આશા રહે છે કે હમણાં જ અવાજ આવશે કે, 'હે આગ! ઇબ્રાહીમ માટે તું ઠંડી પણ થઈ જા અને તેમના માટે

સલામતીનું કારણ પણ બની જા.’ પરંતુ બીજા લોકોની બેચેનીમાં નિરાશા હોય છે. તેઓ આશા ગુમાવી દે છે, કારણ કે તેમનો ઈમાન મજબૂત હોતો નથી. તેમને અલ્લાહ પર કોઈ અપેક્ષા કે ભરોસો હોતો નથી. અને આ કુફ્ર છે. આ જે સ્થિતિ છે, તે કુફ્ર છે. આથી, બેચેનીની સ્થિતિમાં જે રીતે અલ્લાહ તઆલા પર તવક્કુલ (અલ્લાહ પર ભરોસો) પયગંબરોની વિશેષતા છે. એ જ રીતે એક મોમિને પણ જોઈએ કે તે પયગંબરો અને ખાસ કરીને આંહઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સુન્નત પર ચાલતાં નિરાશા અને હતાશાને પોતાની નજીક આવવા ન દે. બેચેનીની સ્થિતિમાં પણ અલ્લાહ તઆલા પર તવક્કુલ હોવો જોઈએ. સાધનો અને ઉપાયોનો ઉપયોગ કરવો જોઈએ, દુઆઓ પર વિશેષ ભાર મૂકવો જોઈએ અને ત્યારબાદ અલ્લાહ તઆલા પર ભરોસો રાખવો જોઈએ. આપે મોમિનોને પણ આ નસીહત ફરમાવી કે એક મોમિનની પણ એ જ ફરજ છે કે તેણે અલ્લાહ તઆલા પર ભરોસો રાખવો જોઈએ અને તેના મનમાં નિરાશા પ્રવેશવી જોઈએ નહીં.

હઝરત મિર્ઝા બશીર અહમદ સાહેબ લખે છે કે મુનશી ઝફર અહમદ સાહેબ કપૂરથલવીએ જણાવ્યું હતું કે જલસા સાલાનાના પ્રસંગે આર્થિક તંગીના કારણે હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામે મહેમાનોની વ્યવસ્થા કરવા માટે પોતાની પત્નીના ઘરેણાં વેચીને અથવા ગિરવે મૂકીને જરૂરી વ્યવસ્થા કરી હતી. બે દિવસ પછી જ્યારે ફરીથી ખર્ચની ચિંતા ઊભી થઈ, ત્યારે હુઝૂર (અ) એ ફરમાવ્યું કે, ‘જેના મહેમાનો છે, તે પોતે જ વ્યવસ્થા કરશે.’ બીજી સવારે વિવિધ સ્થળોએથી પચાસ અને સો રૂપિયાના અનેક મનીઑર્ડર આવી પહોંચ્યા. આ પ્રસંગમાંથી એ બોધ મળે છે કે જેઓ અલ્લાહ તઆલા પર સંપૂર્ણ ભરોસો રાખે છે, તેમની જરૂરિયાતના સમયે અલ્લાહ તરફથી અદૃશ્ય રીતે મદદ પહોંચી શકે છે.

હઝરત ખલીફતુલ મસીહ અવ્વલ (રદિ) વર્ણવે છે કે અમારા હઝરત સાહેબ (હઝરત મસીહ મૌઉદ (અ) ફરમાવતા હતા: કોઈ વ્યક્તિને એ વાતનો આનંદ છે કે મારી પાસે પુષ્કળ સંપત્તિ છે. કોઈને એ વાતનો આનંદ છે કે મારાં સંતાનો ઘણાં છે. કોઈને એ વાતનો આનંદ છે કે મારી પાસે મોટું જૂથ અથવા સમર્થકોની મોટી સંખ્યા છે. પરંતુ હું આ વાતથી ખુશ છું કે મારો અલ્લાહ એવો છે, જે સર્વશક્તિમાન છે.

હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામ ફરમાવે છે: અસલ રિઝક આપનાર તો ખુદા તઆલા છે. જે વ્યક્તિ તેના પર ભરોસો રાખે છે, તે ક્યારેય રિઝકથી વંચિત રહી શકતી નથી. તે દરેક રીતે અને દરેક જગ્યાએથી પોતાના પર તવક્કુલ રાખનાર વ્યક્તિ સુધી રિઝક પહોંચાડે છે. ખુદા તઆલા ફરમાવે છે કે જે વ્યક્તિ મારા પર ભરોસો રાખે છે અને તવક્કુલ કરે છે, તેના માટે હું આકાશમાંથી વરસાદ વરસાવું છું અને ધરતીમાંથી પણ તેના માટે રિઝક કાઢું છું. આથી દરેક વ્યક્તિએ ખુદા તઆલા પર ભરોસો રાખવો જોઈએ.

હઝરત શેખ યાકૂબ અલી ઇરફાની સાહેબ વર્ણવે છે કે હઝરત મિર્ઝા બશીરુદ્દીન મહમૂદ અહમદ સાહેબના બાળપણમાં હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામે એક ઈમાનવર્ધક કથા સંભળાવી હતી. એક બુઝુર્ગની નસીહતથી એક ચોરે ચોરી છોડી દીધી અને અલ્લાહ તઆલા પર તવક્કુલ તથા તકવા અપનાવ્યુ. ત્યારબાદ તેની જરૂરિયાતો અદૃશ્ય રીતે પૂરી થવા લાગી. કુરઆનની આયતોએ તેના હૃદયમાં અલ્લાહ તઆલાની મહાનતા અને ઓળખ એટલી વધારી દીધી કે તે અલ્લાહના પ્રેમમાં વ્યાકુળ થઈ ઊઠ્યો. આ પ્રસંગમાંથી એ બોધ મળે છે કે સાચો તવક્કુલ અને તકવા માણસને અલ્લાહની નિકટતા તથા તેની ઓળખના એવા દરજ્જા સુધી પહોંચાડે છે, જ્યાં દુનિયાની જરૂરિયાતો પણ તેની કૃપાથી પૂરી થાય છે.

હુઝૂર ફરમાવે છે કે સામાન્ય રીતે લોકો કહે છે કે નાનાં બાળકોને ખૂબ ઊંડી વાતો સમજાતી નથી. પરંતુ હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામે હઝરત મુસ્લેહ મૌઉદ હઝરત મિર્ઝા બશીરુદ્દીન મહમૂદ અહમદ સાહેબને, જ્યારે તેમની

ઉંમર માત્ર નવ વર્ષની હતી, ત્યારે આ કથા સંભળાવી હતી. ખરેખર હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામે હઝરત મિર્ઝા બશીરુદ્દીન મહમૂદ અહમદ સાહેબની બુદ્ધિમત્તાને ધ્યાનમાં રાખીને જ આ કથા સંભળાવી હશે. આપ જાણતા હશો કે બાળક આ વાત સમજી શકશે. પરંતુ આપના ધ્યાનમાં એ વાત પણ હશે કે બાળપણથી જ બાળકોમાં તવક્કુલ (અલ્લાહ પર ભરોસો)નું મહત્ત્વ સ્થાપિત કરવું જોઈએ. આમ, તરબિયતના આ સિદ્ધાંતો આપણા સૌ માટે માર્ગદર્શક છે.

હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામ ફરમાવતા હતા: 'મારી દૃષ્ટિએ સૌથી મોટા મુશરિક રસાયણશાસ્ત્રીઓ છે. તેઓ રિઝકની શોધમાં આમતેમ ભટકતા ફરે છે અને રિઝક મેળવવા માટે અલ્લાહ તઆલાએ જે કાયદેસર સાધનો નક્કી કર્યા છે, તેનો ઉપયોગ કરતા નથી' આપે ફરમાવ્યું: 'તકવા એવી વસ્તુ છે કે જેને તે પ્રાપ્ત થઈ જાય, તેને જાણે સમગ્ર જગતની ને'મતો પ્રાપ્ત થઈ ગઈ. યાદ રાખો, મુત્તકી ક્યારેય કોઈના પર આધારિત હોતો નથી. પરંતુ તે એવા દરજ્જે હોય છે કે તે જે ઇચ્છે છે, અલ્લાહ તેની માગણી કરતાં પહેલાં જ તેના માટે તેની વ્યવસ્થા કરી દે છે.' આપ ફરમાવે છે: 'મેં એક કશ્ફમાં અલ્લાહ તઆલાને જોયા કે તેમણે મારા ગળામાં હાથ નાખીને ફરમાવ્યું: 'જો તું મારો થઈ જાય, તો આખું જગત તારું થઈ જાય.'

આથી આ તે નુસખો છે, જેને બધા પયગંબરો, અલ્લાહના વલીઓ અને નેક લોકોએ અજમાવીને અનુભવ્યો છે. નાદાન લોકો આ નુસખો છોડીને વિવિધ વનસ્પતિઓ અને ઔષધિઓની શોધમાં આમતેમ ભટકતા ફરે છે. જો તેઓ એટલી જ મહેનત એ વનસ્પતિઓના સર્જનહાર અલ્લાહ માટે કરતા, તો પોતાની ઇચ્છાઓ અનુસારની બધી મુરાદો પ્રાપ્ત કરી લેત.

હુઝૂર ફરમાવે છે: પાદરી અબ્દુલ્લાહ આથમ માટે પંદર મહિનાની અંદર હલાક થવાની આગાહી કરવામાં આવી હતી. જ્યારે પંદર મહિનાની મુદત પૂરી થવા આવી, ત્યારે કેટલાક મિત્રો રડી રડીને દુઆ કરી રહ્યા હતા કે આથમ મૃત્યુ પામે. પરંતુ હુઝૂર (અ) એ તેમના આ વર્તનને પસંદ કર્યું નહીં અને ફરમાવ્યું: 'શું કોઈ વ્યક્તિ ખુદા કરતાં પણ વધારે તેના કલામ માટે ગૈરત ધરાવી શકે છે?' ફરમાવ્યું કે જ્યારે ખુદા તઆલાએ આ વાત કહી છે કે આવું થશે, તો આપણે ઈમાન રાખવું જોઈએ કે આવું જરૂર થશે. 'આપણું કામ માત્ર એટલું છે કે જ્યારે આપણે કોઈ વ્યક્તિને સાચો માની લીધો હોય, તો તેની વાતો પર વિશ્વાસ રાખીએ.'

અબ્દુલ્લાહ આથમ સાથેની ધાર્મિક ચર્ચા દરમિયાન એક પ્રસંગે કેટલાક એવા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા, જેના જવાબ આપવા કેટલાક મિત્રોની દૃષ્ટિએ મુશ્કેલ હતા. તેમના મતે, આ પ્રશ્નોના જવાબો તૈયાર કરવા માટે સલાહ-મસલત કરી શકાય તેમ હતી. આથી ઉપયોગી સંદર્ભો શોધીને હુઝૂરની સેવામાં રજૂ કરવામાં આવ્યા અને વિનંતી કરવામાં આવી: 'હુઝૂર! આવતી કાલની ચર્ચા માટે સલાહ-મસલત કરી શકાય છે.' હુઝૂર હસ્યા અને ફરમાવ્યું: 'આપની દુઆ પૂરતી છે.'

હઝરત મિર્ઝા બશીર અહમદ સાહેબ લખે છે: પયગંબરો ઘણી બાબતોમાં સલાહ-મસલત કરે છે. તેમનાથી વધારે સલાહ-મસલત કોઈ કરતું નથી. પરંતુ કેટલાક એવા પ્રસંગો હોય છે, જેમાં તેઓ અન્ય માધ્યમોનો સહારો છોડીને માત્ર ખુદાની મદદ પર ભરોસો રાખવાનું પસંદ કરે છે.

જ્યારે હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામ 'આઈના કમાલાતે ઇસ્લામ'નો અરબી ભાગ લખી રહ્યા હતા, ત્યારે આપે એક મોટું બે પાનાંનું લખાણ હઝરત હકીમ મૌલવી નૂરુદ્દીન સાહેબને આપ્યું, જેથી તે હઝરત મૌલવી અબ્દુલ કરીમ સાહેબ સિયાલકોટીને ફારસી અનુવાદ કરવા માટે પહોંચાડી શકાય. આ લખાણ એવું હતું કે તેની ફસાહત અને બલાગત પર હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામને ગૌરવ હતું. કે અલ્લાહ તઆલાએ ખૂબ જ સુંદર વિષય અને

લખાણ સમજાવ્યું છે. પરંતુ હઝરત મૌલવી નૂરુદ્દીન સાહેબથી આ બે પાનાંનું લખાણ ક્યાંક ખોવાઈ ગયું. જ્યારે હઝરત મૌલવી અબ્દુલ કરીમ સાહેબ સિયાલકોટીએ એ પાનાં વિશે પૂછ્યું, ત્યારે હઝરત મૌલવી નૂરુદ્દીન સાહેબનો ચહેરો ફિક્કો પડી ગયો. ખૂબ શોધખોળ કરવામાં આવી, પરંતુ એ લખાણ મળ્યું નહીં. જ્યારે હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામને આ વાતની જાણ થઈ, ત્યારે આપ હંમેશની જેમ પ્રસન્નચિત્તે અને સ્મિત સાથે બહાર પધાર્યા. નારાજ થવું કે ગભરાટ વ્યક્ત કરવો તો દૂરની વાત હતી; ઊલટું આપે પોતાની તરફથી માફી માગવા જેવો ભાવ વ્યક્ત કર્યો કે મૌલવી સાહેબને હસ્તપ્રત ખોવાઈ જવાને કારણે નાહક ચિંતા થઈ. મૌલવી સાહેબને જે તકલીફ થઈ છે, તેના કારણે મને ખૂબ અફસોસ છે. મારો તો એવો ઈમાન છે કે અલ્લાહ તઆલા પોતાની કૃપાથી મને ખોવાયેલા કાગળ કરતાં પણ વધુ સારું લખાણ લખવાની તૌફીક આપશે.

હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામ ફરમાવે છે: જે વ્યક્તિ સાદગી, ફકીરી અને સંતોષ સાથે ઇસ્લામની સેવા કરે છે, તે પોતે એક ચમત્કાર અને નિશાની બની જાય છે. જે વ્યક્તિ મોટાં સાધનો અને પુષ્કળ વ્યવસ્થાઓના સહારે સેવા કરે છે, તેને એ આનંદ પ્રાપ્ત થતો નથી; કારણ કે તેમાં અલ્લાહ પર તવક્કુલ રાખવાનો સંપૂર્ણ આનંદ રહેતો નથી. જ્યારે તવક્કુલ પર ભરોસો રાખીને કાર્ય કરવામાં આવે છે, ત્યારે અલ્લાહ મદદ કરે છે. આ બધી બાબતો આધ્યાત્મિકતામાંથી જન્મે છે. ફરમાવ્યું: ખરેખર, તવક્કુલ એવી વસ્તુ છે જે માણસને સફળ અને બામુરાદ બનાવે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે જે વ્યક્તિ અલ્લાહ પર તવક્કુલ રાખે છે, તેના માટે અલ્લાહ પૂરતો થઈ જાય છે. પરંતુ આ ત્યારે જ શક્ય બને છે, જ્યારે વ્યક્તિ સાચા હૃદયથી તવક્કુલનો વાસ્તવિક અર્થ સમજીને તેના માર્ગે આગળ વધે, ધીરજ રાખે અને દૃઢ નિશ્ચય સાથે કાર્ય કરે. મુશ્કેલીઓથી ડરીને તેણે પાછળ હટવું જોઈએ નહીં.

હુઝૂર ફરમાવે છે: જો માણસ પર દીનની ચિંતા પ્રબળ બની જાય, તો દુનિયાના કામકાજની જવાબદારી ખુદા પોતે સંભાળી લે છે. અફસોસની વાત છે કે મોટી મોટી આફતો અને ઘટનાઓ રોજ બની રહી છે, છતાં લોકો તેની પરવા કરતા નથી અને ધ્યાન આપતા નથી. મૂસા (અ)ના કાફિરો તો આ લોકો કરતાં સારા હતા, કારણ કે જ્યારે તેમના પર અઝાબ આવતો, ત્યારે તેઓ ધ્યાન આપતા અને કહેતા કે જો આ અઝાબ દૂર થઈ જાય, તો અમે માની લઈશું. પરંતુ આજકાલના કાફિરો તો તેમના કરતાં પણ વધુ કઠોર હૃદયના બની ગયા છે. એક પછી એક નવી આફતો આવે છે અને જુદી જુદી રીતે અલ્લાહનો કહેર પ્રગટ થાય છે, છતાં તેમની પર કોઈ અસર થતી નથી. અલ્લાહ તઆલાનું પ્રાચીન સમયથી આ વચન હતું કે અંતિમ યુગમાં વિવિધ પ્રકારના અઝાબ આવશે. તે સમયે કેટલાક લોકો હિદાયત પ્રાપ્ત કરશે, જ્યારે મોટા ભાગના લોકો નાશ પામશે. નિશાનીઓ તો ખુદા જ બતાવે છે, પરંતુ તે નિશાનીઓથી લાભ એ જ લોકો ઉઠાવે છે, જેઓ મોમિન હોય છે.

હુઝૂર અનવરે ફરમાવ્યું: અલ્લાહ તઆલા આ દુનિયાદાર લોકોને બુદ્ધિ આપે, જેથી તેઓ અલ્લાહ તઆલા તરફ પાછા ફરે અને પોતાની દુનિયા તથા આખિરતને સુધારનારા બને. અને આપણે, જેઓ હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામને માનનારા છીએ, આપણને પણ ઈમાન અને યકીનમાં વૃદ્ધિ આપે. અને આપણે દુઆઓ સાથે તવક્કુલના ઉચ્ચ દરજ્જા પ્રાપ્ત કરવાની અને તેમાં સતત પ્રગતિ કરવાનાર પણ હોઈએ.

******

اَلْحَمْدُ لِلّٰهِ نَحْمَدُهٗ وَنَسْتَعِيْنُهٗ وَنَسْتَغْفِرُهٗ وَنُؤْمِنُ بِهٖ وَنَتَوَكَّلُ عَلَيْهِ وَنَعُوْذُ بِاللّٰهِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَمِنْ سَيِّئَاتِ اَعْمَالِنَا مَنْ يَّهْدِهِ اللّٰهُ فَلَا مُضِلَّ لَهٗ وَمَنْ يُّضْلِلْهُ فَلَا هَادِيَ لَهٗ وَنَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَنَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ عِبَادَ اللّٰهِ رَحِمَكُمُ اللّٰهُ اِنَّ اللّٰهَ يَأْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ وَاِيْتَآءِ ذِي الْقُرْبٰى وَيَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ وَالْبَغْيِ يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ اُذْكُرُوا اللّٰهَ يَذْكُرْكُمْ وَادْعُوْهُ يَسْتَجِبْ لَكُمْ وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ۔